






ॐ

# શાસન સ્થાપના દિન

**તારીખ: રવિવાર, ૨૩.૦૫.૨૦૨૧** **સવારે ૯.૦૦ વાગ્યે**

ઓશવાલ એસોસિએશન ઓફ ધ યુ.કે. તરફથી સૌ પ્રથમ વખત **શાસન સ્થાપના દિન** નિમિત્તે શ્રી વર્ધમાન શક્રસ્તવથી શ્રી મહાવીર સ્વામી પ્રભુના ત્રણ અભિષેક વિધાનનું આયોજન:

**૧. કેસરવર્ણ અને તીર્થ જલથી અભિષેક ધારા ૨. સર્વ ઔષધી મિશ્રિત અભિષેક ધારા ૩.પંચામૃત અભિષેક ધારા**

ત્યાર બાદ પ્રભુજીની પૂજા તેમજ ભવ્ય અંગ રચના થશે તેમજ પચ્ચીસ (૨૫) શાસન ધ્વજથી શાસનવંદના અને આરતી મંગળ દીવો થશે. આપણા દરેક માટે આ મહાન દિવસ છે. પ્રભુ મહાવીર સ્વામીએ આ શુભ દિવસે જૈન શાસનની સ્થાપના કરી હતી, જેથી આપણને આ મહાન જૈન શાસન પ્રાપ્ત થયું છે. આપ દરેક આ શુભ અવસરનો લાભ લેશો તેમજ આપના ઘરમાં પ્રભુની સ્થાપના, પૂજા, આરતી, મંગળ દીવો તેમજ શક્ય હોય તો શાસન ધ્વજ વંદના કરશો.

## શાસન સ્થાપના દિન આરાધના

**આરાધના માટેની સામગ્રી** – સ્થાપનાજી, મહાવીર ભગવાન/ગૌતમ સ્વામી ભગવાનની મૂર્તિ અથવા ફોટો, વાસક્ષેપ, ફૂલ અથવા કેસરવાળા ચોખા, ચોખા, ધૂપ, દીવો, બદામ (ફળ), સાકર, છૂટા પૈસા, શાસન ધ્વજ.

આરાધના માટે આપના ઘરમાં, યોગ્ય સ્થાનમાં સુંદર શણગાર કરી શ્રી મહાવીર પ્રભુ અને ગૌતમ સ્વામીની પ્રતીમાજી અથવા છબીની સ્થાપના કરી બધી સામગ્રી થાળીમાં રાખીને તેમની સન્મુખ આરાધના કરી શકાશે. આ મહાન આરાધના સમૂહમાં થનાર હોવાથી દરેક પરિવારોને લાભ લેવા વિનંતિ છે. કારણસર પૂજા વિધિ ન કરી શકાય તો ભાવથી આરાધનામાં અવશ્ય લાભ લેશો જેથી આ મહાન આરાધનામાં સામૂહિક પુણ્યબંધના ભાગીદાર બનશો. દરેકના પરિવારમાં શુભ ભાવની વૃદ્ધિ થાય અને સર્વનૂં મંગલ થાય એવી શૂભ ભાવનાથી આપણે સૌ આરાધના કરીએ.

શાસન સ્થાપના સંપૂર્ણ દિનની ઊજવણી માટે નકરો **£૨૫.૦૦** રાખવામાં આવેલ છે. નકરામાં લાભ લેનારનાં નામ નોંધાવા માટે, ઑનલાઈન સ્પોન્સરશીપ ફોર્મ ભરીને મોકલી આપશો અથવા **OAUK** ઓશવાલ સેન્ટર ઑફિસનો – **Tel: 01707 643838** પર સંપર્ક શકશો.

આ શુભ દિવસે આપના ઘરમાં સુંદર શણગાર અને શાસન ધ્વજ સાથેનો એક ફોટો ૨૩.૦૫.૨૦૨૧ના સવારે ૧૧.૦૦ વાગ્યા પહેલાં **OAUK**ના **Whats App Tel no: 07538675548** પર મોકલી આપશો. જૈન શાસનની ઉજવણી દિનના બપોરે ૩.૦૦ – ૫.૦૦ વાગ્યા દરમિયાન, શ્રી શાસન સ્થાપના દિન - શ્રી મહાવીર-ગૌતમ-વંદના અને શ્રી જિન શાસનો મહાન મહિમા વિશેના **OAUK**ના ઑનલાઈન કાર્યક્રમાં આવેલા ફોટાના દર્શન કરાવવામાં આવશે. આપના પરિવારના નામ પણ આપ લખશો. આપ શાસન સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્મ (ઑનલાઇન) ઓશવાલ યુ ટ્યુબ ચેનલ દ્વારા નિહાળી શકશો: **https://www.youtube.com/c/oshwaluk**

નીલેશભાઈ ભગવાનજી શાહ
માનદ પ્રમુખશ્રી OAUK

વર્ષાબેન દિલીપભાઈ શાહ
ધાર્મિક સમિતિ અધ્યક્ષ OAUK